Publication : Divya Bhaskar
Dated : 10.07.2020
Page: 3

# મુંબઈના વીજગ્રાહકોને હપ્તામાં બિલ ચૂકવવાની સુવિધા

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

અદાણી ઈલેક્ટ્રિસિટીએ જુલાઈ 2020નાં બિલોને લઈને ઊભા થયેલા વિવાદ પછી હવે ગ્રાહકોને વ્યાજમુક્ત હપ્તામાં બિલ ચૂકવવાની સુવિધા આપવાની ઘોષણા કરી છે. તેના ગ્રાહકો હવે ત્રણ વ્યાજમુક્ત હપ્તામાં બિલો ચૂકવી શકશે. આ સુવિધા ગ્રાહકો દ્વારા આખર તારીખ પૂર્વે ઈએમઆઈની ચુકવણી કરવાનું પસંદ કરીને મેળવી શકે છે. એમઈઆરસીની માર્ગદર્શિકા અનુસાર ઈએમઆઈ સુવિધા સરેરાશ રકમના બેગણાથી વધુ વીજ બિલો પ્રાપ્ત કર્યાં હોય તેમને અપાશે, એમ તેના સીઈઓ કંદર્પ પટેલે સ્પષ્ટ કર્યું હતું.

પ્રવર્તમાન મહામારીના સંજોગોમાં અમારા ગ્રાહકોને રાહત આપવા આ ઘોષણા કરાઈ છે. 01.04.2020થી અમલ સાથે એમઈઆરસી દ્વારા ઘોષિત આશરે 18 ટકાના ટેરિફ ઘટાડાથી ગ્રાહકોને બહુ રાહત થઈ છે, પરંતુ બિલોને લીધે તેમને ચિંતા થઈ હોઈ શકે છે, જેનું સમાધાન શોધી કાઢ્યું છે.

ઉપરાંત ફરિયાદ નિવારણ માટે વિડિયો કોલિંગ સુવિધા, શહેરમાં હેલ્પ ડેસ્ક, બિલિંગ આધાર, સામાજિક સતર્કતા, બિલ પ્રક્રિયા સમજાવતા વિડિયો અને 24/ 7 હેલ્પલાઈન નંબરોની સુવિધાઓ રજૂ કરાઈ છે. મીટર રીડિંગના લાંબા ગાળાના નિવારણ આપવા માટે એમઈઆરસીએ મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં 7 લાખ ઓટોમેટિક મીટરો ગોઠવવા માટે એઈએમએલને લીલી ઝંડી આપી છે, જેનો ટૂંક સમયમાં અમલ કરાશે, એમ તેમણે જણાવ્યું હતું.